# વસમી વિદાય



24 નવેમ્બર

## ધર્મેન્દ્ર

બોલિવૂડના હી-મેન ધર્મેન્દ્રનું મુંબઈમાં અવસાન થયું હતું. શોલે, સીતા ઔર ગીતા, ફૂલ ઔર પત્થર અને ધરમવીર જેવી ફિલ્મો માટે જાણીતા, તેમને શ્વાસ લેવામાં તકલીફને કારણે 10 નવેમ્બરે બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. તેમનાં નિધનની જોરદાર અફવા ઉડી અને ટીવી ચેનલોએ બ્રેકિંગ ન્યુઝ પણ ચલાવતા પરિવાર ગુસ્સે ભરાયો હતો. જો કે અભિનેતાને બાદમાં ઘરે લઈ જવાયા અને ઘરે સારવાર ચાલુ રહી, છતાં તેમની સ્થિતિ કથિત રીતે બગડતી રહી હતી. તેઓ 90 વર્ષના થવામાં માત્ર થોડા અઠવાડિયા દૂર હતા અને વિદાય લઈ લીધી. તેમના નિધનથી ચાહકો તેમજ ફિલ્મ ઉદ્યોગમાં શોકની લાગણી ફેલાઈ હતી.

## મનોજકુમાર

ભારતીય સિનેમાના અન્ય પ્રતિષ્ઠિત અભિનેતા મનોજ કુમારે આ વર્ષે દુનિયા છોડી દીધી. તેઓ ભરતકુમાર તરીકે જાણીતા હતા અને 87 વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. મનોજે 1957માં પોતાની કારકિર્દીની શરૂઆત કરી હતી અને પૂરબ ઔર પછિમ, રોટી કપડા ઔર મકાન અને ક્રાંતિ જેવી ક્લાસિક ફિલ્મો આપી હતી.



04 એપ્રિલ

# પહેલગામ ત્રાસવાદી હુમલો

આ એક ક્રૂર દિવસ હતો જ્યારે પહલગામની બૈસરાન ખીણમાં આતંકવાદીઓએ 26 લોકોની હત્યા કરી હતી. આ આતંકવાદીઓએ લોકોને તેમનો ધર્મ પૂછીને ગોળી મારી હતી. તેમાંના મોટા ભાગના પ્રવાસીઓ હતા. આતંકવાદી જૂથ લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા સંગઠન ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટ (ટીઆરએફ) એ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. જોકે, આ ઘટના પછી ભારત સરકારે 'ઓપરેશન સિંદૂર "દ્વારા પાકિસ્તાનમાં આતંકવાદી મથકોને નિશાન બનાવ્યા હતા.



22 એપ્રિલ



## દેશભરમાં મોકડ્રીલ

પહેલગામ હુમલાને પગલે ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી અને યુદ્ધની તૈયારી રૂપે ગૃહ મંત્રાલયે દેશના 244 જિલ્લાઓમાં સિવિલ ડિફેન્સ મોક ડ્રીલનું આયોજન કર્યું.



07 મે

# OPERATION SINDOOR

ઓપરેશન સિંદૂર પહેલગામમાં 22 એપ્રિલ 2025ના રોજ થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં શરૂ કરવામાં આવ્યું હતું, જેમાં ભારતીય સેનાએ પાકિસ્તાન અને પી. ઓ. કે. માં 9 આતંકવાદી લોન્ચ પેડ પર ચોકસાઇપૂર્વક હવાઈ હુમલા કર્યા હતા અને તે એક લશ્કરી અથડામણ હતી જે 4 દિવસ સુધી ચાલી હતી, જેના પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો હતો.



## પાણી બંધ, એર સ્પેસ બંધ

આ પછી ભારતે પાકિસ્તાન પર કાર્યવાહી કરતી વખતે ઘણા કડક નિર્ણયો લીધા. ભારતે સિંધુ જળ સંધિને સ્થગિત કરી દીધી અને વેપાર અટકાવી દીધો. રાજદૂતોને પાછા બોલાવી દેવાયા. એર સ્પેસ પણ બંધ કરી દેવામાં આવી.

## ઓપરેશન સિંદૂર: નામ-કામ બધું જ સૂચક

ઓપરેશન સિંદૂર નામ જ સૂચક હતું. તેનાથી ભારતની શક્તિ વિશ્વએ જોઈ. પાકિસ્તાનમાં ત્રાસવાદી શિબિરોમાં સોપો પડી ગયો. એટલું જ નહીં, પાકિસ્તાનમાં થયેલા નુકસાન અને ઓપરેશનની માહિતી માટે ભારતીય સેનાના બે વરિષ્ઠ મહિલા અધિકારીઓ કર્નલ સોફિયા કુરેશી અને ભારતીય વાયુસેનાના વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહની વિદેશ સચિવ વિક્રમ મિસરી સાથે પસંદગી કરવામાં આવી એ પણ ઘણી સૂચક હતી.





## ઓપરેશન મહાદેવ: શ્રીનગરના જંગલોમાં 'ન્યાય' ની તે રાત

જેમ જેમ જુલાઈ મહિનો નજીક આવી રહ્યો હતો, તેમ તેમ શ્રીનગરના હરવન અને લિડવાઓના ગાઢ જંગલોમાં ભારતીય યોદ્ધાઓએ તે જ કર્યું જેની આખો દેશ રાહ જોઈ રહ્યો હતો. પહેલગામ હુમલાના ઘા હજુ પણ લીલા હતા જ્યારે 'ઓપરેશન મહાદેવ' શરૂ થયું હતું. સંસદમાં ગૃહ મંત્રી દ્વારા નામ આપવામાં આવેલા ત્રણ પાકિસ્તાની આતંકવાદીઓ-સુલેમાન શાહ, અબુ હમઝા અને યાસિર-ને શોધી કાઢવામાં આવ્યા હતા અને ટેકરીઓમાં માથામાં ગોળી મારી દેવાઈ. બરાબર એ જ રીતે જે રીતે આ નરાધમોએ નિર્દોષોને માર્યા હતા. આ તે માસ્ટરમાઇન્ડ હતા જેમણે ભારતીય નાગરિકોના લોહીથી તેમના હાથ રંગ્યા હતા.



02 જૂન





# અમદાવાદ વિમાન દુર્ઘટના

એર ઇન્ડિયાનું બોઈંગ 787-8 ડ્રીમલાઇનર પેસેન્જર પ્લેન અમદાવાદમાં સરદાર વલ્લભભાઈ પટેલ આંતરરાષ્ટ્રીય હવાઇમથક નજીક ક્રેશ થયું હતું. આ દુઃખદ દુર્ઘટનામાં વિમાનમાં સવાર તમામ 241 મુસાફરો અને ચાલક દળના સભ્યોના મોત થયા હતા. જોકે, એક મુસાફર ચમત્કારિક રીતે બચી ગયો હતો. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે આ દુર્ઘટના ટેકનિકલ ખામીને કારણે થઈ હતી. આ વિમાન અમદાવાદથી લંડન જઈ રહ્યું હતું. વિમાન ટેકઓફ થયાના થોડા સમય બાદ ક્રેશ થયું હતું. તે વર્ષ 2025ની વિશ્વની સૌથી મોટી ઉડ્ડયન દુર્ઘટના હતી, જેણે દેશમાં ઉડ્ડયન સલામતીના ધોરણો પર પણ પ્રશ્નો ઊભા કર્યા હતા.



## વિમાનમાં સવાર તમામનાં મોત, એક માત્ર યાત્રી ચમત્કારિક રીતે બચી ગયો

અમદાવાદ વિમાન હોનારતમાં પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિત તમામ યાત્રીઓ અને ક્રૂનાં મોત થયાં. હોસ્ટેલ બિલ્ડિંગમાં પણ ઘણાં યુવા તબીબો માર્યા ગયા પણ વિમાનમાં સવાર વિશ્વાસકુમાર રમેશ નામના યાત્રીનો ચમત્કારિક બચાવ થયો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેને મળી ખબરઅંતર પૂછ્યા. આખી દુનિયા જેને સૌથી નસીબદાર માને છે એ વિશ્વાસકુમાર જો કે હજી શારીરિક-માનસિક યાતનાઓથી પીડાય છે.